**આદરણીય અધ્યક્ષશ્રી,**

સને ૨૦૦૯–૨૦૧૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજો અનુસાર પુરાંત રૂપિયા ૪૭.૭૬ કરોડની રહેશે.

હવે હું સને ૨૦૦૯–૨૦૧૦ ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

**મનોરંજન કર ડી.ટી.એચ.**

કેબલ ટી.વી. ઉપર હાલ મનોરંજન કર લેવામાં આવે છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોના સમાજના મહદ્ અંશે ગરીબ અને મધ્યમવર્ગના લોકો કેબલ ટી.વી.નો લાભ લે છે અને તે ઉપરનો મનોરંજન કર ભરે છે.

ડાયરેકટ ટુ હોમ (ડી.ટી.એચ.) પર મનોરંજન કર લેવામાં આવતો નથી. ડી.ટી.એચ.કનેકશન સામાન્યતઃ સમૃદ્ધ– સુખી લોકો દ્વારા લેવામાં આવતું હોય છે. આમ, સમાજના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને અન્યાય થાય છે અને અસંતુલન ઊભું થાય છે. કેબલ ઓપરેટરો દ્વારા પણ એવી વ્યાપક રજૂઆતો મળી છે કે તેઓને સ્પર્ધાનું સમાન ધોરણ મળતું નથી.

આ સમગ્ર બાબતોને ધ્યાને લઇને, ડી.ટી.એચ.ઉપર મનોરંજન કર લેવાની આથી દરખાસ્ત કરું છું. પ્રત્યેક ડી.ટી.એચ. કનેકશન દીઠ, વાર્ષિક રૂપિયા ૨૦૦ લેખે મનોરંજન કર લેવાની મારી દરખાસ્ત છે.

મનોરંજન કર અંગેના કાયદામાં આ અંગે કરવાના થતા સુધારા અંગેનું બિલ, વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

આજની આર્થિક પરિસ્થિતિમાં, રાજયની નાણાકીય જરૂરીયાતો અને જવાબદારીઓને ધ્યાને લેતાં, કરવેરા અંગેની બાકીની જોગવાઇઓને હાલ યથાવત્ રાખવાનું ઉચિત જણાય છે.

**સમાપન** સને ૨૦૦૯–૨૦૧૦ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ રૂપિયા કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| **(૧)** | **અંદાજ અનુસારની પુરાંત** | **(+)** | **૪૭.૭૬** |
| **(૨)** | **કરવેરામાં સૂચિત વધારો મનોરંજન કર** | **(+)** | **૬.૦૦** |
| **(૩)** | **અંદાજી એકંદર પુરાંત** | **(+)** | **૫૩.૭૬** |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

---------------